# પ્રકરણ – ૧

## કચ્છ જિલ્લો : વિહંગાવલોકન

**સ્થાન :**

કચ્છ જિલ્લો પોતાની આગવી સંસ્કૃતિ ધરાવતો વિશિષ્ટ પ્રદેશ છે. તેની સરહદ પાકિસ્તાનને અડીને આવેલી હોવાથી આંતરરાષ્ટ્રીય રીતે ઘણુંજ વ્યુહાત્મક મહત્વ ધરાવે છે. જિલ્લાનો કુલ વિસ્તાર ૪૫૬૫૨ ચો.કી.મી. છે.

કચ્છ એ ગુજરાત રાજ્યના જિલ્લાઓ પૈકી નો એક જિલ્લો છે. તે લગભગ ૨૨.૪૪.૧૧° થી ૨૪.૪૧.૨૫° ઉત્તર અક્ષાંશ અને ૬૮.૯.૪૬° થી ૭૧.૫૪.૪૭° આશરે પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. તેની ઉત્તર અને વાયવ્યે કચ્છનું રણ આવેલું છે. અને રણ પુરુ થતા પાકિસ્તાનનો સિંધ પ્રદેશ, ઈશાનમાં રાજસ્થાન, પૂર્વમાં બનાસકાંઠા અને રાજકોટ જિલ્લાનો માળીયા તાલુકો, દક્ષિણે કચ્છનો અખાત અને પશ્ચિમ નૈરુત્યમાં અરબી સમુદ્ર આવેલ છે.

જિલ્લાનું મુખ્ય મથક ભુજ છે. જિલ્લો દશ તાલુકાઓમાં વહેંચાયેલો છે. ૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ જીલ્લાની વસતિ ૨૦૯૨૨૩૭૧ ની છે. આ પૈકી ૧૩૬૩૮૩૬ ગ્રામ્ય વસતિ અને ૭૨૮૫૩૫ ની શહેરી વસતિ છે. જિલ્લામાં કુલ વસતિવાળા ૮૭૭ અને ૪૭ ગામો ઉજ્જડ છે. જિલ્લામાં ૧૪ શહેરો આવેલા છે. ૨૦૧૧ ની વસતિ પ્રમાણે જિલ્લામાં અનુસુચિત જાતની વસતિ ૨૫૮૮૫૯ અને અનુસુચિત જનજાતિની વસતિ ૨૪૨૨૮ છે.

**ભૂપૃષ્ઠ :**

કચ્છ જિલ્લો ઉતરે અને પૂર્વે ખારા પટનાં રણથી ઘેરાયેલો છે. કચ્છ એ સુકો વિસ્તાર અને સમુદ્રની સપાટીથી ઊંચાઈએ આવેલો છે. સમગ્ર પ્રદેશ ઉજ્જડ અને ખડકાળ હોવા છતાં ભૌગોલીક પરિસ્થિતિમાં ટેકરીઓની હારમાળાઓ અને છુટાછવાયા ડુંગરો વચ્ચે આવતી ઊંડી અને અસમાન પટવાળી નદીઓ તેમની ખીણો અને ફળદ્રુપ જમીન વગેરેની વૈવિધ્યતા છે.

કચ્છ જિલ્લો ખેતી પ્રધાન હોઈ જિલ્લામાં મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલન ધંધામાં રોકાયેલા છે. કચ્છ જિલ્લાની વિષમ આબોહવાની પરિસ્થિતિના કારણે અછતના સમયે દરમ્યાન લોકો સ્થળાંતર કરતા રહે છે. કચ્છ જિલ્લાની વસતિ કરતા પણ વધારે વસતિ કચ્છ બહારના ભારતના અન્ય વિસ્તારના તેમજ વિશ્વનાં જુદા જુદા વિસ્તારમાં આજીવિકા માટે વસે છે. જિલ્લાની વસતિ ગણતરીના આંકડા ઉપર નજર નાખતા જણાશે કે જિલ્લામાં સ્ત્રીઓ કરતા પુરુષોની સંખ્યા વધારે પ્રમાણમાં છે.

કચ્છ જિલ્લામાં એક પણ બારે માસ વહેતી નદી નથી છૂટી-છવાઈ ટેકરીઓની હારમાળાને લીધે તેમાંથી ઉત્તર અને દક્ષિણ તરફ ઝરણા વહે છે. તેમજ મધ્યમનાં ઉચ્ચ પ્રદેશ માંથી નદીઓનાં કદને મર્યાદિત કરે છે. આ નદીઓ ઉત્તરમાં કચ્છનાં રણને અને દક્ષિણમાં કચ્છનાં અખાત તરફ વહે છે. ઉત્તર તરફ વહેતી નદીઓમાં ખારી નદી મુખ્ય છે. આ નદીઓ ઉત્તરના કચ્છનાં રણમાં ભળી જાય છે. દક્ષિણ તરફ વહેતા પ્રવાહમાં મોટામાં મોટી નદીઓ મધ અને તેરા છે. તેની લંબાઈ આશરે ૩૦ કી.મી. છે. અબડાસાનાં મેદાનમાં પસાર થઈ જખૌ નજીક કચ્છનાં અખાતને મળે છે.

**આબોહવા અને વરસાદ :**

જિલ્લાની આબોહવા એકંદરે ગરમ છે. વર્ષને વિસ્તૃત રીતે ત્રણ મોસમમાં વહેંચી શકાય.

૧. જુલાઈથી સપ્ટેમ્બર સુધીની ગરમ ભેજવાળી ઋતુ.

૨. ઓકટોબરથી ફેબ્રુઆરી સુધી ઠંડી અને સુકી ઋતુ.

૩. માર્ચથી જુન સુધીની ઘણી જ ગરમ અને સુકી છે.

વધુમાં ટેકરીઓની ઉંચી હારમાળાઓ અને જંગલોના અભાવે મોસમી પવનો રોકાઈ શકતા નથી. જેને પરિણામે ચોમાસુ ઘણી જ ટૂંકી મુદતનું છે. જુનથી સપ્ટેમ્બર વચ્ચે વાતા મોસમી પવનો વરસાદ લાવે છે. દસ વર્ષની સરેરાશમાં બે કે ત્રણ વર્ષ દુષ્કાળના હોય છે. ચારથી પાંચ વર્ષ નબળા અછતવાળા હોય છે. જયારે ભાગ્યે જ બે થી ત્રણ વર્ષ સારા હોય છે. જિલ્લાના વર્ષાઋતુ પહેલાંનો અને શિયાળુ વરસાદી માવઠું લગભગ બિલકુલ હોતું નથી. જિલ્લાનો વાર્ષિક સરેરાશ વરસાદ ૩૪૬ મી.મી. છે. વરસાદવાળા દિવસોની સંખ્યા ૨૦ થી ૨૫ જેટલો છે.

કચ્છ જિલ્લાનાં વડા મથક ભુજનું વર્ષ ૨૦૧૬ દરમ્યાન વધુમાં વધુ ઉષ્ણતામાન ૪૫.૬૦ સે.ગ્રે. અને ઓછામાં ઓછું ઉષ્ણતામાન ૧૧.૫૦ સે.ગ્રે. નોંધાયેલ હતું. સામાન્ય રીતે જિલ્લામાં વરસાદ જુલાઈથી શરૂ થઈ સપ્ટેમ્બર માસ સુધી પડે છે.

### ભૂમિ

કચ્છ જિલ્લાની જમીનના મુખત્વે ચાર વિભાગ પાડી શકાય :

| | |
|---|---|
| ૧. કાંઠાની કાંપવાળી ફળદ્રુપ જમીન | ૨. રેતાળ |
| ૩. કાળી જમીન | ૪. કાદવવાળી જમીન. |

જિલ્લાના બીજા ભાગોની સરખામણીમાં વાગડ વિસ્તારની જમીન ઘણી ફળદ્રુપ છે. એકંદરે જમીનની ભેજ સંગ્રહશક્તિ ઘણી જ ઓછી છે. અવારનવાર વરસાદની અછત રહ્યા કરે છે. જેથી ઝાડપાનનો ઉછેર ઘણો જ મુશ્કેલ બને છે. સામાન્ય રીતે જમીન ખરીફ પાક માટે ઉપયોગી છે.

### કુદરતી અને ભૌતિક સાધનો

કચ્છ જિલ્લાની નાની ટેકરીઓ બહુ ઉંચાઈ વાળી નહી હોવા છતાં તેની મુખ્ય કુદરતી આકૃતિ પૈકી એક છે. તેને ત્રણ જુથમાં વહેંચી શકાય. કચ્છની નાની ટેકરીઓ, પુર્વની વાગડની ટેકરીઓ અને ઉતરની રણ વિસ્તારની ટેકરીઓ, બધી જ હારમાળા અને મોટાભાગના ડુંગરો સીધા ચઢાણવાળા છે. ઉતરમાં સીધા ઢોળાવવાળા અને દક્ષિણમાં મોટા પ્રમાણમાં સમથળ છે. પશ્ચિમે બેટની નૈઋત્યમાં બન્ની નામનો નીચાણવાળો વિશાળ ૮૦૪ ચો.કી. મીટર જેટલો બીડ પ્રદેશ આવેલ છે. આ વિસ્તારમાં સારી જાતનું ઘાસ પુષ્કળ પ્રમાણમાં થાય છે. તેથી આ વિસ્તારમાં ખેતીને બદલે પશુપાલનનો ધંધો વધુ થાય છે. આ જિલ્લામાં બારેમાસ વહેતી એક પણ નદી નથી. જે નદીઓ છે તે માત્ર ચોમાસામાં વરસાદ પડે તેટલો સમય જ વહેતી હોય છે.

### જંગલો

કચ્છ જિલ્લમાં એકપણ જંગલ આવેલું નથી. જો કે મોટા ઘાસના બીડ જે રખાલના નામથી ઓળખાય છે. તેમાં બાવળ અને કંડો જેવા કાંટાળા ઝાડ થાય છે. આ ઘાસના બીડનો વિસ્તાર આશરે ૨૦૦ ચો. માઈલ જેટલો છે. અને તે જિલ્લામાં ઠેરઠેર જોવા મળે છે. જંગલનો વિસ્તાર ૩૦૬૭ ચો.કી.મી. નો છે. આમ જિલ્લામાં ૮ ટકા વિસ્તારમાં જંગલ છે.

### વિસ્તાર અને વસતિ

૧. ૨૦૧૧ ની વસતિ ગણતરી પ્રમાણે જિલ્લામાં કુલ ૮૭૭ ગામો અને ૧૪ શહેરો આવેલા છે. જેની તાલુકાવાર સંખ્યા નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા | શહેરોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪. |
| ૧. | લખપત | ૮૬ | ૦ |
| ૨. | રાપર | ૯૭ | ૧ |
| ૩. | ભચાઉ | ૬૯ | ૧ |
| ૪. | અંજાર | ૬૬ | ૧ |
| ૫. | ભુજ | ૧૪૯ | ૫ |
| ૬. | નખત્રાણા | ૧૨૦ | ૦ |
| ૭. | અબડાસા | ૧૩૩ | ૦ |
| ૮. | માંડવી | ૯૨ | ૧ |
| ૯. | મુન્દ્રા | ૫૯ | ૧ |
| ૧૦. | ગાંધીધામ | ૬ | ૪ |
| કુલ | | ૮૭૭ | ૧૪ |

૨. ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસતિ ૨૦૯૨૩૭૧ છે. તે પૈકી ૧૦૯૬૭૩૭ પુરુષો અને ૯૯૫૬૩૪ સ્ત્રીઓ છે.

**સામાન્ય માહિતી (સેન્સસ ૨૦૧૧ અનુસાર)**

| | |
|---|---|
| ૧. જિલ્લાનો વિસ્તાર | : ૪૫૬૫૨ ચો. કી. મી. |
| ૨. જિલ્લાની વસતિ | : ૨૦૯૨૩૭૧ |
| ૩. જિલ્લાના કુલ તાલુકા | : ૦૧૦ |
| ૪. જિલ્લાનાં કુલ ગામો | : ૯૨૪ |
| ૫. જિલ્લાના શહેરો | : ૧૪ |
| ૬. જિલ્લાની કુલ ગ્રામ પંચાયતો | : ૬૩૦ |
| ૭. અનુસુચિત જાતિની વસતિ (૨૦૧૧) | : ૨૫૮૮૫૯ |
| ૮. અનુસુચિત જનજાતિની વસતિ (૨૦૧૧) | : ૨૪૨૨૮ |

| અ.નુ.નં | વિગત | વિસ્તાર (હે.) |
|---|---|---|
| | | વર્ષ : ૨૦૧૭-૧૮ |
| ૧ | જંગલો | ૩૦૬૭૭૦ |
| ૨ | ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીન | ૪૧૨૪૯૯ |
| ૩ | બિન ખેતી વિષયક ઉપયોગમાં લેવાયેલ જમીન | ૫૮૩૫૪ |
| ૪ | ખેડવા લાયક પડતર | ૧૮૮૫૨૩ |
| ૫ | કાયમી ગૌચર અને ચરાણની જમીન | ૭૦૦૫૮ |
| ૬ | ખેડી શકાય તેવી જમીન | ૮૦૨૮૩૨ |
| ૭ | ચાલુ પડતર | ૨૧૮૦૯૦ |
| ૮ | ચોખ્ખો વાવેતર વિસ્તાર | ૫૮૪૭૪૨ |
| ૯ | એક કરતા વધુ વખત થયેલ વાવેતર વિસ્તાર | ૧૩૪૦૭૩ |
| ૧૦ | કુલ વાવેતર વિસ્તાર | ૮૦૨૮૩૨ |
| ૧૧ | કુલ ભૌગોલિક વિસ્તાર | ૧૯૫૭૬૨૯ |

| વાહન વ્યવહાર : (પરિવહન) | | કી.મી. |
|---|---|---|
| ૧. | રાષ્ટ્રીય ધોરીમાર્ગ | ૨૩૦.૮૧૭ |
| ૨. | રાજ્ય ધોરીમાર્ગ | ૧૫૫૫.૬૫૧ |
| ૩. | જિલ્લાનાં મુખ્ય માર્ગો | ૮૧૩.૪ |
| ૪. | અન્ય માર્ગો | ૬૧૬.૭૦૪ |
| ૫. | ગ્રામ્ય માર્ગો | ૪૫૬૬.૮ |
| ૬. | રેલ્વે સ્ટેશનની સંખ્યા | ૩૦ |
| ૭. | પોસ્ટ ઓફિસની સંખ્યા | ૪૯૩ |
| ૮. | બસના રૂટવાળા ગામની સંખ્યા (સીધી સેવા મેળવતા) | ૬૧૦ |
| ૯. | વીજળીકરણ થયેલ ગામોની સંખ્યા | ૯૦૭ |

| શૈક્ષણિક સંસ્થાઓ | | સંખ્યા |
|---|---|---|
| ૧. | પ્રાથમિક શાળાઓ | ૧૭૧૬ |
| ૨. | માધ્યમિક શાળાઓ | ૨૦૯ |
| ૩. | ઉચ્ચ માધ્યમિક શાળાઓ | ૧૫૨ |
| ૪. | કોલેજો | ૪૧ |
| ૫. | અન્ય | - |

| આરોગ્ય સેવાઓ | | સંખ્યા |
|---|---|---|
| ૧. | પ્રાથમિક આરોગ્ય પેટા કેન્દ્રો | ૪૪૨ |
| ૨. | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૬૭ |
| ૩. | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૧૭ |
| ૪. | ફરતા દવાખાના | ૧૮ |
| ૫. | આયુર્વેદ દવાખાના | ૨૦ |
| ૬. | એલોપેથીક ડીસ્પેન્સરી | ૩૦ |

| પશુપાલન સેવાઓ | | સંખ્યા |
|---|---|---|
| ૧. | પશુ દવાખાના | ૩૩ |
| ૨. | પ્રા. પશુ સારવાર કેન્દ્ર | ૨૯ |
| ૩. | ફરતા પશુ દવાખાના | ૦૩ |
| ૪. | કૃત્રિમ બીજદાન કેન્દ્ર | ૧૧ |